સાલ : ૧૯ / સિલસિલાવાર નંબર : ૧૬૪ / શુમારો : ૨ — કુલ પાના - ૧૬

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રબીઉલ અવ્વલ - રબીઉલ આખર ૧૪૪૩ / ઓક્ટોબર - નવેમ્બર ૨૦૨૧

## રોહબાનીયત – તપ–જપ

અલ્લાહતઆલા કુરઆને કરીમ-ફુરકાને હકીમમાં "**રોહબ**" ની ઝિક્ર કરે છે કે, જેની માઅના તેના ડર અને તકવાની થાય છે. મુમિનની બીજી પહેચાન મુત્તકી હોવાની થાય છે. ઈમાનની પુખ્તગીને સાથે પરહેઝગારી ખુદ-બ-ખુદ આવી જાય છે. દીને ઈસ્લામમાં પરહેઝગારીની શરતો અને મફહૂમ બિલકુલ મુખ્તલિફ છે, અલગ છે. ઈમાનની શરતોમાં છે કે, દિલથી માઅરેફત કરવું, ઝબાનથી બોલવું અને જિસ્માની આઅઝાથી અમલ કરીને બતાવવું છે, તેના સાથે પરહેઝગારી વાબિસ્તા છે. શરીઅતમાં એમ ના હોય કે, મુમિનને એ ચીઝોથી પરહેઝ કરવાનું કહે કે, જે ચીઝો ઈન્સાનની તબીઅત અને મિઝાજને ફાયદો કરતી હોય. પરહેઝ તો તેનાથી થાય કે, જે નુકસાન કરે. મુમિનને બેવે જહાનમાં નુકસાન કરનારી તમામ ચીઝોથી શરીઅત રોકે, તો આ રૂકી જાવાનો મુમિનનો અમલ પરહેઝગારી કહેવાય, રોહબ અને તકવા કહેવાય.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આ દુનિયામાં પધારા તે પહેલા જેટલા અંબિયાએ દીને ખુદાવંદીના પૈગામાતને લોગોમાં પહોંચાવા તે વક્ત "રોહબાનીયત" યાઅની વનવાસી-તપીયા બનવું લોગોમાં જાઈઝ હતું, મશ્હૂર હતું. મગર નબી સાહેબ જે વક્ત દીને હક્કના આખિરી પૈગામાત-આયતો લઈને પધારા તો **આ રોહબાનીયત-રાહિબપણાને ખત્મ કરી દેવામાં આવું,** હરામ કરી દેવામાં આવું. તપીયા બનીને તબત્તુલ-તપ-જપ-તસ્બીહ-વિર્દ કરનારા લોગો કે, જેઓએ બૈરો-બચ્ચાં-સંસાર છોડી દીધો હોય, તે તમામને ઈસ્લામથી ખારિજ યા ગૈર-મુસલમાન માનવામાં આવા.

"રોહબાનીયત" ને હરામ કરાર દેવામાં આવું તેની માઅના એ થઈ કે, કોઈ મરદ, ઔરત બગૈર ના રહે અને કોઈ ઔરત, મરદ બગૈર ના રહે. કોઈ સંગીન સબબ બગૈર નિકાહથી મહેરૂમ ના રહે. કોઈ પણ મુસલમાન મરદ-બૈરો પોતાના ઘર-સંસાર છોડીને જંગલ-બયાબાનમાં ના ચાલા જાય, તન્હાઈમાં ઝિંદગી ના ગુઝારે. ઈબાદતના ખાતિર ઘરની-સમાજની ઝિમ્મેદારીથી દસ્તબરદાર ના થઈ જાય, છોડી-છોડીને ચાલા ના જાય. બલકે, ઘર અને શહેરમાં રહીને દીનદાર બને, શાદી કરીને દીનો દુનિયા અને આખેરતને આબાદ કરે. તમામથી ખુશનસીબ છે તે શખ્સ કે, **જેના નેક બૈરો હોય, નેક ઔલાદ હોય, નેક દોસ્ત હોય, વતનમાં રોઝી હોય અને તમામથી ખાસ કે, મઝહબે હક્ક પર હોય, એને મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.) ની વલાયતો મોહબ્બત હાસિલ હોય.** બેશક ! આ જ ઈસ્લામ છે અને આ જ દીને ફિત્રત છે. અલ્લાહતઆલાનું આ પસંદીદહ દીન, દુનિયા તેમજ આખેરત બેવેની આબાદી વાસ્તે છે. દીન અને મુલ્ક, મઝહબ અને સિયાસત આ બેવે એક જ સિક્કાના બે રૂખ છે, જુડવા છે. બેવેને એકબીજાની ઝરૂરત છે. ફક્ત દીનને અલગ કરવા કોઈ સંસાર છોડીને રોહબાનીયતને ઈખ્તેયાર કરી શકતું નથી.

૯ માં ફાતેમી ઈમામ મૌ.અહમદ અલ-મસ્તૂર (સ.અ.) આપની કિતાબ ઈખ્વાનુસ્સફામાં ફરમાવે છે કે, દીન ફક્ત રોઝા-નમાઝ છે જ નહીં, **બલકે આ બેવેને સાથે દુનિયા અને આખેરત ના ઘરોને આબાદ કરવાનું નામ અસલી દીન છે.** (બકીયાહ પેજ નં. ૨ પર)

**બીમાર, હકીમ બગૈર કોઈના નઝદીક શિકાયત ના કરે.**

(પેજ નં. ૧ નુંબાકી)

આપના આ કલામ પર મઝીદ રોશની નાંખવા મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત બયાન થયેલી છે. આપ મૌલા ફરમાવે છે કે, ઉસ્માન બિન મઝઊન કે જે નબી સાહેબના કાકાજીના દીકરા હતા, તેમને અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ! ઘણા વક્તથી મારા દિલમાં કેટલાક ખયાલાત આવે છે, તો તેને આપના નઝદીક પૈશ કીધા બગૈર હું કોઈ બીજું કામ નહીં કરૂં. નબી સાહેબે ફરમાવું કે, અય ઉસ્માન ! તમેં તો ઈબાદતગુઝાર છો, નૈક દિલ છો, મુત્તકી છો અને આ સાથે એવા તો કયા ખયાલાત તમારા દિલમાં ઉભરે છે કે, આ મુજબ મને બતાવવા પર બેતાબ છો? કહો! તમારા દિલમાંશુંછે?

ઉસ્માને અરઝ કીધી કે, હું એમ ચાહું છું કે, અલ્લાહની ઈબાદત કરવા, સુકૂન સાથે તન્હાઈમાં તેની તસ્બીહ કરવા, હું જંગલમાં ચાલો જાવ. નબી સાહેબે જવાબમાં ફરમાવું કે, આમ તમેં હરગિઝ ના કરજો. આ હરામ છે. મારી ઉમ્મતના લોગોની રોહબાનીયત - તપીયાપણું તે એ છે કે, **મસ્જિદમાં જઇને ઇબાદત કરે.** વક્ત પર નમાઝ પઢે. જે કામ તેને તેની ખૈરીયત વાસ્તે જે વક્ત પર કરવાનું છે, તેને કરે. તમને તમારૂં ઘર છોડવાની કોઈ ઝરૂરત નથી. આ કામ તો બુઝદિલોનું છે કે, જેઓ પોતાની ઝિમ્મેદારીઓથી મૂઁહને ફિરાવીને ગુમનામીમાં ચાલા જાય છે.

ઉસ્માને બીજો ખયાલ પૈશ કીધો કે, યા રસૂલુલ્લાહ ! હું એમ ચાહું છું કે, ગોશ્તને મારા ઉપર હરામ કરી દઉં. નબી સાહેબે ફરમાવું કે, આ અમલ તમેં કોઈ વક્ત ના કરજો. હું ખુદ ગોશ્તને શૌકથી જમું છું અને અગર હું અલ્લાહતઆલાને એમ સવાલ કરૂં કે, તે મને આ ગોશ્તની નેઅમત રોઝ અતા કરે તો, ઝરૂર ! એમ જ થાય. **દૂધ અને ગોશ્ત, જમવાની તમામ ચીઝોનો સરદાર છે.** તેને હાજિત મુજબ જમવાથી તબીઅતમાં તાઝગી બરકરાર રહે છે અને કૂવત બાકી રહે છે. આ સુન્નત અંબિયાની છે અને તેના પર ચાલવાથી દીન સલામત અને મઝબૂત રહે છે.

ઉસ્માને પાછી અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ ! મારો એવો ખયાલ છે કે, હું ખુદને મજબૂબ બનાવી દઉં. યાઅની કે, મારી મરદાનીયતને મિટાવીને હું જિન્સી તઅલ્લુકાતથી દૂર થઈ જાઉં. નબી સાહેબે નસીહત કરીને ફરમાવું કે, આ અમલની શરીઅતમાં કોઈ જગા નથી. તમેં તેનાથી પરહૈઝ કરજો. ના તો તમેં ખુદના વાસ્તે એવું સોચજો, ના તો કોઈના સાથે એવું થાવા દેજો. અગર જિન્સી ખ્વાહેશાત અને જિસ્માની શહેવતને તમને ઓછી કરવી હોય, **તો તમને રોઝા કરવા જોઇએ.** મારી ઉમ્મત વાસ્તે રોઝું રાખવું તે તમામ ખ્વાહેશાતને મારી નાંખે છે.

ઉસ્માને નબી સાહેબ નઝદીક ચોથો ખયાલ ઝાહિર કીધો કે, હું મારી બૈરો ખૌલાને મારા વાસ્તે હરામ કરી દઉં. નબી સાહેબે જવાબમાં ફરમાવું કે, આમ કરવું તો નિકાહના હુકૂક અને ફરઝોને ખિલાફ છે. આ તમેં ના કરજો. આમ કરનાર શખ્સ ખુદ પર અને પોતાના બૈરો પર ઝુલ્મ કરે છે. **તમારા નિકાહમાં જે બૈરો હોય તે તમારા વાસ્તે હલાલ છે** અને એ તમારા વાસ્તે હરગિઝ હરામ થઈ શકે નહીં. આ એક પાક રિશ્તો છે કે, જેનાથી ઘર આબાદ થાય છે અને મારી ઉમ્મતમાં ઈઝાફો થાય છે. બેવે મરદ-બૈરો ના એક છતમાં હોવાથી, ખુશી-ખુશી એકબીજાના તકાઝા પૂરા કરવાથી, એકબીજાથી સુકૂને દિલ મિલવાથી અલ્લાહતઆલા રાઝી થાય છે. મરદ-બૈરો ઈમાનના દાએરામાં રહીને અલ્લાહની રહેમતના તલબગાર બને છે.

અય ઉસ્માન ! યાદ રાખો કે, મુમિન બંદો જે વક્ત પોતાના બૈરોનો હાથ પોતાના હાથમાં લે છે, તો અલ્લાહતઆલા બેવેના વાસ્તે ૧૦ નૈકીઓ લખે છે અને ૧૦ બુરાઈઓને મિટાવે છે. આ એક નાનો અમલ કે જે ઈઝહારે ઝૌજીયત છે તે કુરઆને કરીમની તે આયત તરફ ઈશારો કરે છે કે, નૈકીઓ, બુરાઈઓને લઈ જાય છે, મિટાવી દે છે. (બકીયાહ પેજ નં. ૩ પર)

**બૈરો, ઘરના લોગો સિવાય પારકા નઝદીક રાઝની વાત ના કરે.**

(પેજ નં. ૨ નું બાકી)

હવે, જે વક્ત બંદો ઈઝહારે લતાફત કરીને પોતાના બૈરોને બોસો દે છે - ચુમે છે તો અલ્લાહતઆલા તે બેવે પર કરમ ફરમાવીને બેવે વાસ્તે ૧૦૦ નૈકીઓ લખે છે અને ૧૦૦ બુરાઈઓને મિટાવી દે છે. શરીઅતમાં જે ચીઝની રિહાઈ આવેલી છે, તેના વસ્તે સવાબ પણ એવો જ મુકેલો છે.

અય ઉસ્માન ! તમેં તમારા બૈરો સાથે શરમો હયાના દાએરામાં રહીને ઝૌજીયતનો હક્ક અને ફરઝ બિલા કુસૂર, બિલા ઝિઝક અને બિલા નદામત અદા કરો. ઈન્સાનની તબીઅત, એની સેહત, એની નસલ અને એની રોઝીની કુશાદગી વાસ્તે શરીઅતે ઝૌજીયતના કાનૂન બનાવેલા છે. હવે જે બંદો અલ્લાહતઆલાની ખુશ્નૂદી અને તલબે રહેમત વાસ્તે પોતાના બૈરોથી કરીબ થાય, મુબાશેરત કરે, હમબિસ્તરી કરે, તો અલ્લાહતઆલા તે **બેવે વાસ્તે ૧૦૦૦ નૈકીઓ લખે છે અને ૧૦૦૦ બુરાઇઓ મિટાવે છે.** એ બેવેની ખિદમતમાં ફરિશ્તાઓ રહે છે, અજરો સવાબની બશારત સંભલાવે છે. જે વક્ત આ બેવે મરદ-બૈરો ગુસ્લ કરે છે, જે તેમના ઉપર વાજિબ-ફરઝ છે, તો એક-એક બાલ ઉપરથી જે વક્ત પાની ગુઝરે છે, તો આ એક-એક બાલની ગિન્તીના મુતાબિક અલ્લાહતઆલા બેવે વાસ્તે નૈકીઓ લખે છે અને એ જ ગિન્તીથી બુરાઈઓને મિટાવે છે.

અય ઉસ્માન ! ઈમાનદારો ઉપર અલ્લાહતઆલાનો કરમ અને ફઝલ એ મુજબ છે કે, અગર ખૂબ ઠંડીની મૌસમમાં મરદ-બૈરો મુકારેબત કરે, હમબિસ્તરી કરે અને બાદમાં ગુસ્લ કરે, તો અલ્લાહતઆલા પોતાના ફરિશ્તાઓને ખિતાબ કરીને એમ કહે છે કે, જોવ તમેં સઘલા ! આ બેવે મારા મુત્તકી બંદા એવી ઠંડી રાતમાં પણ મારા હુકમને ઉંચકીને ગુસ્લ કરી રહ્યા છે. એ બેવે જાણે છે કે, હું એમનો પરવરદિગાર છું, ખાલિક છું, તો તમેં સઘલાને હું શાહિદ રાખીને એવી નવાઝિશ કરૂં છું કે, **હુંએ આ બેવેને બખ્શી દીધા,** એમની તમામ ખતાઓને માંજી નાખી. અગર આ હાલતમાં બચ્ચાનો હમલ રહેશે તો એ બચ્ચુંએના આ માઁ-બાવાજી વાસ્તે જન્નતમાં ખિદમતગુઝાર બની જાશે. અલ્લાહતઆલા એ ઔલાદને માઁ-બાપથી જુદા નહીં કરે.

આ મુજબ ફરમાવીને નબી સાહેબે આપનો દસ્તે મુબારક ઉસ્માનના સીના ઉપર મુકો જેથી આપના હાથની બરકતોના અસરથી એના સીના માંથી ગલત ખયાલો નિકલી જાય અને એને કરારે દિલ હાસિલ થઈ જાય. પછી આપે ઉસ્માનને ફરમાવું કે, "અય ઉસ્માન ! તમેં હરગિઝ મારી સુન્નતથી મૂઁહને ના ફિરાવજો. આ જેટલી મૈં તમને નસીહત કીધી તે તમામ મારી ઐન સુન્નતો છે, તેમાં કોઈ પણ ચીઝ બેહયાઈની નથી. જે પણ શખ્સ સુન્નતથી મૂઁહને ફિરાવશે, અમલ નહીં કરે, બિદઅત સમઝશે એ મારી ઉમ્મતનો ફર્દ નથી. **ઇસ્લામના દાએરાથી એ શખ્સ બાહર છે.** રૌઝે કેયામત ફરિશ્તાઓ આવા ગુમ્રાહ શખ્સને મારા હૌઝ પરથી હટાવી દેશે."

આ રિવાયતથી સાબિત થાય છે કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ઉસ્માન બિન મઝઊનના ચાર ગલત ખયાલોને રદ કરી દીધા અને તેના સામે ચાર નૈક અમલને બતાવી દીધા. નબી સાહેબે સાફ-સાફ કહી દીધું કે, દીને હક્કમાં સંસાર-સમાજ ને મુકી દેવું તે સરાસર ગલત છે, ગુનાહે અઝીમ છે અને રોહબાનીયત એક તરહનો ફિત્નો-ફસાદ છે. આ ચીઝને હાલમાં જોગી, સૂફી, પીર-ફકીર જેવાઓએ અપનાવેલી છે. અલ્લાહતઆલા દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના સાયામાં મુમેનીનને આ બદીથી દૂર રાખે અને ઝૌજીયતની નેઅમતથી બોહરાવર કરે.

અપના સમાજમાં શાદી પછીનો એક નવો ટ્રેન્ડ શુરૂ થયો છે. આ ટ્રેન્ડને હાલના એજ્યૂકેશન, કરીયર અને જોબ કલ્ચરની મુસીબત કહો તો ગલત નથી. રોહબાનીયતની આ એક નવી જ શિક્લો સૂરત છે. રોહબાનીયત-તપીયાપણું-બ્રહ્મચારીપણું એ તો કોઈ શખ્સ તન્હા હોય, તન્હા રહે અને તન્હાઈમાં જ ખુદની ઝિંદગી ગુઝારી દે. મગર, અપને જોઈએ છીએ કે, આજે એક કપલ તેમની શાદી બાદ ફેમિલી પ્લાનિંગ કરે છે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**લાઈલ્મ શખ્સ, દાઈ બગૈર કોઈના નઝદીકથી ઈલ્મ તલબ ના કરે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૮
## અલવી અકીદાઓ - અકીદો - ૩૧ , ૩૨

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

પાઁચમા દાઈએ યમાની આપના ઝમાનના અલ્લામહ હતા. આપે કોશિશે ખાસ કરીને ઝમાનએ ઝુહૂરના દાઈ સૈ. અબૂ યાઅકૂબ અસ-સિજિસ્તાની (ક.રૂ.) ના બે કિતાબ, (૧) **તોહફતુલ મુસ્તાજીબ** અને (૨) **ઇફતેખાર** થી તસવ્વુર બાંધી ઈસ્માઈલી અકીદાનો એક કાચો ઢાંચો તરતીબ ફરમાવો. તે બાદ સૈ.અહમદ બિન ઈબ્રાહીમ અન-નિસાબૂરી (ક.રૂ.) ની મશ્હૂર કિતાબ **ઇસ્બાતુલ ઇમામહ** માંથી ઘણી દલીલો-બુરહાનો ના બયાનાત નક્લ કીધા. તે બાદ, હુજ્જતુલ ઈરાકૈન સૈ.અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની (ક.રૂ.) ની બે માયએ નાઝ કિતાબો (૧) **અર-રિસાલતુલ બદીઅહ ફી મઆલેમિદ્દીને વ ઊસૂલેહી**, અને (૨) **તન્બીહુલ હાદી વલ મુસ્તેહદી** ની તરતીબની શાકેલત પર અને ફસલો (ચેપ્ટર) તેમજ બાબો (સેક્શન) ની વહેંચણી પર ખૂબ બારીકાઈથી નઝર કીધી અને આખિરમાં સૈ.મોહંદ બિન તાહેર અલ હારિસી (ક.રૂ.) ની અહમ કિતાબ **મજમૂઉત્તરબીયહ**ના બેવે હિસ્સાના બયાનાતને ઈસ્માઈલી તૈયેબી અકીદાઓના હર એક હિસ્સા-પાસામાં શામિલ કીધા. આ સિવાય બીજા દોઆતે હક્ક પણ હતા કે, જેઓએ પોતાની કિતાબો-તસ્નીફાતમાં પુખ્તા-પાયેદાર દલીલો લઈને **દીને હક્કના પાયાઓને તાવીલી સાઁચામાં પૈશ કીધા હતા.** આપે આ તમામને મદ્દે નઝર રાખીને ઈસ્માઈલી તૈયેબી અકીદાઓની એક જામેઅ મુકમ્મલ કિતાબ તસ્નીફ કરવાની કોશિશ અને પૈશકારી કીધી.

આપના મુરબ્બી, મોઅય્યદ અને ઉસ્તાઝ દાઅવતે યમાનીયહના તીસરા દાઈએ મુત્લક સૈ.હાતિમ મોહીયુદ્દીન (આ.કુ.) ની માયએ નાઝ કિતાબો, જેમ કે, **તોહફતુલ કુબૂલ, તન્બીહુલ ગાફેલીન** અને **જામેઉલ હકાઇક**ના બયાનાતને આસાન બનાવવા વાસ્તે તેમજ દાઅવતના ફરઝંદો અને તાલિબે ઈલ્મો વાસ્તે દીને હક્કનો એક ઈબ્તેદાઈ ઢાંચો તૈયાર થાય, તે વાસ્તે આપે અકીદાઓની બુનિયાદ પર એક મુફીદ કિતાબ તસ્નીફ ફરમાવી કે, જેનું નામ આપે "**તાજુલ અકાઇદ વ માઅદનુલ ફવાઇદ**" આપું. જેની માઅના, અકીદાઓનો તાજ અને ફાયદાઓની ખાન થાય છે.

આ કિતાબની તકદીમ-ઈબ્તેદામાં આપ સૈ.અલી બિન મોહંમદ બિન અલ-વલીદ (ક.રૂ.) સવાલ કરનાર શાગિર્દ, દાઅવતના મુસ્તજીબ મુમિનને ફરમાવે છે કે, "અય મહેરબાન ભાઈ ! અલ્લાહતઆલા તમને હિદાયત પર હમેશા રાખે અને હમારા તરફની વલાયતના ફરઝને લાઝિમ રહેવા સીધો રસ્તો બતાવે. બેશક ! તમેં તમારા દીનના એક ભાઈ અને હમારા અકીદા પર યકીન રાખનારને એના ઉપર જે ફરઝો છે તેની મારઅેફતનો સવાલ કીધો. એના સાથે ગુફતગૂ કીધી અને તે એ હદ તક પહોંચી કે, તે જગા પર ઠહેરી જાવું બહેતર હતું. કેમકે, એ ભાઈના ઝહેન પર બીજા મસ્લક-ફિરકાઓના અકીદાનો અસર તાઝા હતો અને **તે અકીદાઓમાં કેટલો ફસાદ છે, કેટલા નકલી છે, તે એ ભાઇને ખબર ન હતી.** એ ભાઈના નઝદીક પાયા બગૈરની વાતો હતી જે એં કોઈ જાહિલથી સાંભલી હતી અને તે વાતથી કોઈને ઈલ્મી ફાયદો થઈ શકે એમ ન હતો. એ ભાઈના કૌલ-અમલથી એના ઈરાદા માઅલૂમ થાતા હતા અને તે ફક્ત શરીઅતના ઝાહિરી પહેલૂ પર અટકેલા હતા. આ મુજબના માનવાને એને "**અકીદો**" નામ આપું હતું.

પણ પહેલી ચીઝ કે, જે કૌલ પર તાલિબે ઈલ્મ-શાગિર્દ ભરોસો મુકે તે એ છે કે, શાગિર્દ એના ઉસ્તાઝ-મોઅલ્લિમથી તાઅલીમ હાસિલ કરે છે. તે તાઅલીમ એક તસ્વીરમાં બદલાય છે. આ ચીઝ એની અક્લ પૂરેપૂરી

(બકીયાહ પેજ નં. ૫ ૫૨)

**ઈબાદતગુઝાર, મસ્જિદ બગૈર સેહતની હાલતમાં કોઈ બીજી જગા નમાઝ ના પઢે.**

(પેજ નં. ૪ નું બાકી)

સમઝી શકે અને એનો જાન તેની સચ્ચાઇ-સાબિતી તરફ વલે અને આ તરહ એક આઅલા અમલ બને કે, **જે ઝમાનાના હક્કના સાહેબ ફરમાવતા હોય તેને "અકીદા" કહે છે.** તે બાદ, શાગિર્દ જોઇ કે એનો કૌલ-અમલ દીનના ઊસૂલ પર જ મબ્ની છે તો એ એના ઉસ્તાઝની તાઅલીમના ઊંચા મકસદ તરફ પહોંચી જાય છે. જેના ઉપર તે ઝમાનના તમામ મુમેનીનનો ઈત્તેફાક હોય છે."

આપ મૌલા એ સવાલ કરનાર મુમિન ભાઈને ફરમાવે છે કે, "હમારા મઝહબમાં કોઈની મનમાની, રાય કે કિયાસ ચાલી શકતી નથી. વક્તના બદલાવથી મઝહબના ઊસૂલમાં બદલાવ આવતો નથી. હમારા કોઇ મશાઇખ નવા અકીદા બનાવી શકે નહીં. તાલિબે ઈલ્મોને મજબૂરન ખોટી સોચ અને અકીદાને તસ્લીમ કરાવી શકે નહીં. જો કોઇ એવી નવી ચીઝ જોવા મિલે કે, જે અકીદામાં ના હોય અને લોગોમાં ઈખ્તેલાફ હોય તો હમારા મશાઇખ ખુદની ઝાતથી તેને મિટાવી શકે નહીં. મશાઈખની ઝિમ્મેદારી છે કે, જે જગા હમેં એમને અમર કીધો હોય ત્યાં મુમેનીનને હક્કના અકીદાઓથી બાંધીને રાખે અને જે કોઇ બીજા મઝહબ તરફ ઝુકાવ રાખે એના નઝદીક હુજ્જત પૈશ કરે. જો ના માને તો દીને હક્કથી એને છુટા કરી દે. તે મુજબ હકકના મશાઇખ આવા ભુંડા લોગોના કૌલ-અમલ અને ફિકરના ઝિમ્માથી અને દુશ્મનોના બેરોકટોક ઈલ્ઝામથી બરી થઈ જાય છે.

**અકીદો ૩૧ : નબીને બાદ પૂરા દૌરમાં આપના વસી પૂરા જહાનના લોગોમાં અફઝલ-બરતર હોય છે.**

હમેં એમ અકીદો રાખીએ છે કે, નુબૂવતને બાદ વસાયતનો દરજો તમામથી અફઝલ છે. તેની કોઇ બરાબરી નથી. કેમકે, તેના સાથે તે તમામ દીની-દુનિયાવી ઊમૂર તઅલ્લુક રાખે છે, જેને પહેલામાં પહેલા નબી કાઈમ કરે છે. મિસાલના તૌર પર શરીઅતની હિફાઝત કરવી, તેના કાનૂનો-એહકામને બરાબર સમઝાવીને અમલ કરાવવો, શરીઅતના અંદરૂની ઈશારાઓની માઅના બતાવવી અને તેની હકીકતોને બયાન કરવી વગૈરહ. ગરઝ એ કે, વસી સાથે તમામ ઊમૂર વાબિસ્તા હોય છે અને **વસાયતની કમાલીયત, નુબૂવતની કમાલીયતથી જ છે.**

નબીના કૌલની માઅના, ઉમ્મતની હિદાયત વાસ્તે કલામુલ્લાહની તાવીલ અને હિકમત તેમજ દીનના ઊમૂરની બારીકી, વસી સિવાય કોઇના નઝદીકથી લઇ શકાતું નથી. સબબ કે, વસી કોઇ વક્ત નબીની ખિલાફવરઝી કરતા નથી. નબીને મુકમ્મલ યકીન હોય છે કે, એમના બાદ શરીઅતની હિફાઝત વસી જ બરાબર કરી શકે છે. બીજું એ કે, શરીઅત ઘણા મુખ્તલિફ શોઅબા-સીગામાં ફેલાયેલી હોય છે અને નબીના કાઈમ-મકામ હોય એ જ આ પહેલૂઓની હકીકી માઅરેફત રાખી શકે અને લોગોમાં આ ઊમૂરને મુનાસિબ તૌર પર નાફિઝ કરી શકે.

જે તરહથી નબીએ અલ્લાહતઆલાથી આ શરીઅતને લીધી તે જ મુજબ વસી લોગોમાં કલામની પાકીઝગી સાથે, વાતોની સચ્ચાઇ સાથે, જાનની ચોખ્ખાઇ સાથે, દીની ઊલૂમના ઘેરાવા-ગહેરાઇ સાથે અને નબી ના જૌહર-તબીઅતના ખૈર સાથે, જેમ અસલથી ઉતરેલી છે, તેમ જ લોગોમાં પહોંચાવી દે છે. આ શરીઅત મહેઝ હુકૂમતે ઈલાહીયહ કે કાનૂને ઈલાહી નથી પણ તેમાં લોગોને વાસ્તે બહેતરીન હિદાયત અને ઝિંદગીનો દસ્તૂરૂલ અમલ છે. હુકૂમત કરનાર હઝારો હોય છે પણ હિદાયત એ જ શખ્સ કરી શકે છે કે, જેને અલ્લાહતઆલાએ મુકર્રર કીધા હોય છે અને એ એક જ સાહેબ હોય છે. **હિદાયત આપવાની આ મોહતાજગી નબીના ઇન્તેકાલ બાદ વસી જ સમઝી શકે છે** અને તે દૌરના લોગોની ઝહેની-અક્લી કુદરત મુજબ કૌલ-અમલ-ખબરના ઝરીઆથી યા સવાલોના જવાબ આપવાથી યા કોઇ વારેદાત બને તેના શરઇ-મઝહબી હલ નિકાલવાથી લોગોને દીને હક્ક પર સાચવે છે. આ ફરઝ અને ઝિમ્મેદારી નબી બાદ વસી જ સાચવી શકે છે કે, જેને અલ્લાહતઆલાએ નબવી ઈલ્મી શહેરના બાબ-દરવાઝા અને નિગેહબાન બનાવેલા હોય.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**ઔલાદ, માઁ-બાવાજી સિવાય બીજાથી મશ્વરો તલબ ના કરે.**

(પેજ નં. ૫ નું બાકી)

**અકીદો - ૩૨ : ઇમામતનો આઅલા દરજો, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અહલુલ બૈત (અ.સ.) સિવાય કોઇ બીજાને મિલી શકતો નથી.**

ઈમામત, નબી સાહેબ (સ.અ.વ.વ.) ના અહલુલ બૈત (અ.સ.) માં કે જે મૌલાના અલી (અ.સ.) અને માઁ ફાતેમા (અ.સ.) ની આલે અત્હર, નસલે પાકીઝા માંથી હોય, એમના પર જ અલ્લાહતઆલા તરફથી મુકર્રર, નાફિઝ અને ફરઝ થયેલી છે. એમના સિવાય કોઈ પણ ગૈર, ઈમામતના દરજાને લાઈક અને હક્કદાર નથી. ઈમામતનું હોવું, નુબૂવતની હિફાઝતને વાસ્તે લાઝિમ છે કેમકે, ઈમામતથી દીન કામિલ થાય છે અને દીનના તમામ ઝાહિરી-બાતિની અરકાન ઈમામની રઝાથી પૂરા થાય છે. અલ્લાહ અને તેના રસૂલથી ઈમાન લાવવું સહી થાતું જ નથી, જહાઁ તક કે, એ શખ્સના દિલમાં ઈમામ અને એમના હુજ્જતનું ઈમાન ના હોય.

ઈસ્લામ અને ઈમાનની કમાલીયત જ ઈમામતથી છે, કેમકે, નબી અને વસીને બાદ અહકામે શરીઅતને જારી કરવા અને કુરઆને હકીમના સહી માઅના અને અંદરૂની હકીકતોંને સમઝાવવા તે ઈમામની જ ઐન ઝિમ્મેદારી હોય છે. ઉમ્મતના લોગોની ઈમામ વાસ્તેની મોહતાજગી તેઓને એ વાતના ઈત્તેફાક-એકમત પર લઈ જાય છે કે, જો દીન-શરીઅતની મઝબૂતી, તમામીયત અને સેહત બરકરાર રાખવી હોય તો ઈમામતનું હોવું ફરઝ છે. **અલ્લાહતઆલાએ તેના દીનને સાચવવાનો હક્ક ઇમામને સિપુર્દ કીધેલો છે.** ઈમામ બગૈર તો લોગોમાં શરીઅત રમતબાઝીનું ખુલ્લું મૈદાન બની જાય, ગુમ્રાહીનું ગહેરૂં દલદલ બની જાય અને બિદઅતોની ઊંડી ગુફા બની જાય. ઈમામના હોવાથી દીનનું અસલી નૂર બાકી રહે છે.

હમેં આ અકીદો રાખીએ છીએ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપની હયાતીમાં જ વસાયત સાથે ઈમામતની પણ નસ્સ ફરમાવી જેની તમામ ઉમ્મત શાહિદ રહી, પણ આપના ઈન્તેકાલ બાદ આ જ લોગોએ મોટા ફિત્નામાં પડીને બેવે રૂહાની દરજાને માનવાનો ઈન્કાર કરી દીધો. **તે ગુમ્રાહ લોગોએ ના તો સહી તૌહીદ સમઝી, ના સહી શરીઅતથી વાકિફ થયા.** જે હાલ મૌલાના અલી (અ.સ.) ની ૩૦ સાલની વસાયત દરમિયાન તેઓનો રહ્યો, શરીઅતમાં બિદઅતોને ઉમેરતા ગયા, તૌહીદના મફહૂમને તોડી-મરોડીને પૈશ કરતા રહ્યા, અહલુલ બૈત (અ.સ.) ની બેઈઝઝતી કરતા રહ્યા, તે જ હાલ આપની શહાદત બાદ તેઓનો રહ્યો. નબી સાહેબે આપના બે શેહઝાદા-નવાસા મૌ.હસન અને મૌ.હુસૈન એમ બે ઈમામોના નામ લઈને ઈમામત તરફ નિશાનદેહી કીધી હતી, તે પણ તેઓએ નઝરઅંદાઝ કરી દીધી.

નબી સાહેબે ફરમાવું હતું કે, " **મારા હસન અને હુસૈન, હક્કના ઇમામો છે, ભલે તેઓના હાથમાં સલ્તનત હોય યા ના હોય અને તેઓના બાવાજી તેઓ કરતા ખૈર છે, અફઝલ છે.** " આથી આપે આપની ઝિંદગીમાં જ બેવે શેહઝાદાઓને વસી બાદ ઈમામ બનાવીને સાબિત કરી દીધું કે, ઈમામતને જારી કરવાનો ઈખ્તેયાર અલ્લાહ અને તેના રસૂલના હાથમાં જ છે. લોગો વાસ્તે તો સર ઝુકાવીને ઈમામને સરે તસ્લીમ કરવું છે, ના કે ઈમામને બનાવવું છે. જો લોગો જ પોતાનો ઈમામ બનાવતા તો એક દીન પણ બનાવી દેતા. આમ અંદર-અંદર ઝઘડો ઊભો થાતો અને અસલ દીને હક્ક જ ભુલાઈ જાતું. જે લોગોના નઝદીક હક્કના ઈમામ નથી ત્યાં આ જ હાલ છે.

ગુમ્રાહ ઈમામ લોગોમાં સરદારી કરીને દીનને બરબાદ કરી દે છે. હલાલનું હરામ અને હરામનું હલાલ કરતા એને વાર લાગતી નથી. મશ્હૂર અને બલંદ થાવા લોગોમાં નવી-નવી ચીઝો કહીને તેના ઉપર અમલ કરવા આમાદહ કરવા એના વાસ્તે માઅમૂલી બની જાય છે. એવા એક નથી સેંકડો લોગો છે. જે લોગોએ આ બેવે બુઝુર્ગ ઈમામોનું દામન છોડું

(બકીયાહ પેજ નં. ૭ પર)

**દોસ્ત, દોસ્તથી તમામ ચીઝનો તકાઝો ના કરે.**

(પેજ નં. ૩ નું બાકી)

ફેમિલી પ્લાનિંગ યાઅની શાદી પછી બચ્ચાં પૈદા ના કરવાની એક મુકમ્મલ, સોચી-સમઝી મરદ-બૈરો દરમિયાનની કોશિશ. યાઅની કે, શાદી-શુદા મરદ-બૈરો સાથે રહેતા હોય મગર એક હદ તક રોહબાનીયત પાલતા હોય. જિસ્માની તઅલ્લુકાતમાં હદબંધી અને આપસી બંદિશ. શાદી બાદ જોબને ચાલુ રાખવાના સબબ યા કરીયર ના બિગડે તેના સબબ યા બચ્ચાની પરવરિશની ઝિમ્મેદારી જલ્દી ના આવી જાય તેના સબબ, શાદીશુદા રોહબાનીયત પર કપલ અમલ કરે છે.

અપની શરીઅતે હક્ક એક શાદીશુદા મરદ-બૈરોને આ તરહની ઈજાઝત આપતી નથી, જહાઁ તક કોઈ માઅકૂલ-સંગીન સબબ ના હોય. ઘરમાં ઔલાદનું હોવું તે **મરદ અને બૈરો દરમિયાન ઇઝ્ઝત, મોહબ્બત, ખિદમત અને હમદર્દીને બરકરાર રાખે છે.** ઝાતી, જિસ્માની, જિન્સી અને સમાજી તકાઝાઓ પૂરા થાવા તે એક ખુશહાલ અને કામિયાબ શાદીશુદા ઝિંદગીનો પાયો છે. જો કોઈ મરદ યા બૈરો એના શરીકે હયાતના તકાઝાને નઝરઅંદાઝ કરે, તેને ના સમઝે તો તે મોટામાં મોટો ઝુલ્મ છે. ઔલાદ થાવાનો સરંજામ હોય મગર તે ના થાય તેના વાસ્તે તરહ-તરહના નુસ્ખા આઝમાવે અને જાણીજોઈને બેઔલાદ રહે તે નિકાહશુદા મરદ-બૈરો વાસ્તે દાગ અને બટ્ટો છે.

ઔલાદની નેઅમત લેવામાં તાખીર કરવી, તે તરહ-તરહની પૈચીદગી ઊભી કરે છે. ઘરના લોગોની ઔલાદની ઉમ્મીદની ખુશી ફીકી પડી જાય છે. તે મરદ-બૈરો તરફની નિગાહમાં ફરક આવી જાય છે. શાદી પછીના બહેતરીન સાલ ગુઝરી જાય છે અને પછી હમલ રહેવામાં તકલીફ અને પરૈશાની પૈદા થાય છે. આ તરહ વરસો ગુઝરી જાય છે અને મરદ-બૈરો એક જ ઔલાદ પર બસ કરે છે, હાલાંકે તેઓના નઝદીક ઘરો હોય, દૌલત હોય, તાકત હોય કે રસાઈ હોય. લેહાઝા, આખિરકાર અપની જમાઅતને નુકસાન પહોંચે છે. જમાઅતની વસ્તી વધવાનો ગ્રાફ નીચે પડતો જાય છે. આ ઘટાડાનો સબબ ઔલાદનું કમ હોવું છે. નવા શાદીશુદા કપલ આ ચીઝ વાસ્તે ગહેરો ગૌરો ફિકર કરે અને આ તરહની રોહબાનીયત મિટાવવાની કોશિશ કરે. ☆

---

(પેજ નં. ૬ નું બાકી)

અને નબી સાહેબ બાદ ઉમ્મતની સરપરસ્તી જે વસાયત-ઈમામતના માતહત આવે છે, તેને પોતાના ઈખ્તેયારની વાત સમઝી લીધી, તેથી તેઓ તબાહો બરબાદ થઈ ગયા. આ બની-બેસેલા ઉમ્મતના સરદારોની હાલત દુનિયાદાર બાદશાહો જેવી થઈ ગઈ કે, જેઓ લોગોના દિલ જીતવા, પોતાની ગરઝ પૂરી કરવા, બીજાના દરમિયાન મશ્હૂર થાવા, શરીઅતને એક જાનિબ મુકી દીધી. લોગો દીનના અહકામ મુજબ ચાલે છે યા નથી ચાલતા તેઓને કોઈ જ ફરક પડતો નથી. ઈમામત અલ્લાહના હુકમથી હોય છે અને હુકૂમત દૌલતના ઝૌરથી હોય છે.

હક્કની ઈમામતના મુખાલિફો દિલથી અને કલમથી તો એમ કુબૂલ કરતા જ હતા કે, મૌલાના અલીને ખિલાફ જે લોગોએ ખિલાફત ઊભી કીધી તેઓ અલ્લાહની નસ્સથી કાઈમ ન્હોતા થયા. વસાયતનો ઈન્કાર તો પહેલાથી જ હતો મગર ઈલાહી નસ્સને પણ તેઓ સાફ-સાફ ઠુકરાવી ચુકા હતા. મૌ.અલીની વસાયત ખિલાફ જે કઈ સકીફામાં બનેલું તેની પેંતરાબાઝી અને ગોઠવણથી પણ હરએક શખ્સ વાકિફ હતો. આ ચાલબાઝી બાદ ઉમ્મતના ગુમ્રાહ લોગોને તેઓનો સરપરસ્ત એક સરદાર તો મિલી ગયો, પણ મોહિબ્બાને અહલુલ બૈત (અ.સ.) કે જેઓ વસાયતના દરજાની માઅરેફત રાખતા હતા, તેઓ એ ઝાહિરી સરદારને હાદી-રાહનુમા કે રૂહાની હસ્તીની હૈસીયતથી જોતા ન્હોતા. આ હાલમાં કે એમ માનવું કે, અલ્લાહ એક છે, રસૂલ એક છે, કિબ્લો એક છે, કુરઆન એક છે, **તો પછી નબી બાદ અમરના સાહેબ પણ એક હોય અને એ પણ રસૂલ-કિબ્લા-કુરઆન જેમ અલ્લાહ તરફથી જ હોય.**

આ હકીકતને ઉમ્મત ના સમઝી શકી અને અમરના સાહેબની જગા પર બીજા અનેકને ગૈર-મુસ્તહિકકને બેસાડી દીધા અને ઉપર ઝિક્ર કરવામાં આવેલી ચીઝોમાં વક્ત ગુઝરતા ઈત્તેફાક-ઈત્તેહાદના બદલે ભારી ફિત્નો-ઈખ્તેલાફ પૈદા થઈ ગયો અને આજ તક તેઓની હક્કની તલાશની તદબીર કોઈ કામ લાગતી નથી. ☆

**દોઆ, પાકીઝગી બગૈર કોઈ હાલતમાં કરે નહીં.**

## ૩૧ માં દાઈએ મુત્લક સૈ. હસન બદરૂદ્દીન સાહેબ (આ.કુ.)
## દીવાને હસન – કિશ્ત : ૧

આપ મૌલાના ૩૫૩માં ઉર્સ મુબારક ૧૯ મી ર.આખર ના દિન વાકેઅ થાય છે કે, જે વક્ત આપ મૌલાના મુમેનીન-મોઅતકેદીન અહમદાબાદમાં આપના રૌઝહ બદરીયહમાં આપની તુરબતે તાહેરહથી શરફયાબ થાવા આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની નૂરાની સવારી સાથે પધારે છે. આપની ૪૩ સાલની દાઅવતે શરીફહનું ઊંચામાં ઊચું ફલ-સમર આપનું બેમિસાલ દીવાને હસન છે.

આપ મૌલાએ અરબી ઝબાનમાં અબ્યાત-અશ્આર લખીને મુમેનીન વાસ્તે નસીહતોનો એક અઝીમ ખઝાનો મુકેલો છે. આપના વક્તમાં મુમેનીનના દુશ્મનો જગે-જગે હતા, દાઅવતે હક્કને નુકસાન પહોંચાવવા હર મુમ્કિન કોશિશ કરતા હતા. આપ આપની એક બૈતમાં તે વક્તના લોગો ના **દિલોના હાલાત, ગદ્દારી, બેરૂખી, અહદ-શિકની, વાઅદા-ખિલાફી** કઈ તરહ ઔજ પર હતી અને લોગોને સંભાલવા કઈ તરહ મુશ્કિલ હતું, તેની ઝિક્ર ફરમાવે છે.

આપ મૌલા ફરમાવે છે કે,

➢ લોગોના દિલો ઈમાનથી ખાલી છે. તેમાં નફરત અને ગંદકી સિવાય બીજું કઈ નથી. સફાઈ અને તહારત ગોયા ખોવાઈ ગઈ છે.

➢ દાઈને મીસાક આપીને આ લોગો તેને તોડી નાખે છે. તેને વફા કરતા નથી. આના સબબ તેઓના અમલ રાખ બનીને ઊડી જાય છે. પછી તેની કોઈ કીમત રહેતી નથી.

➢ દાઈ એમ ચાહે કે, તેઓ સાથે મોહબ્બતથી પૈશ આવે, પણ તેઓ આ સમઝી શકશે નહીં અને બદલામાં નફરત-દુશ્મનીથી જવાબ આપશે. દાઈ ચાહે કે એના સાથે બેસે, અને સમઝાવે મગર એ દૂર રહેવાને જ પસંદ કરે. કુરબત હાસિલ કરવાને નુકસાન સમઝે.

➢ દાઈ પોતાના કલામમાં એવી વાત ફરમાવે કે, જે તેઓના ઐબ-ખામી-કુસૂર-ગુનાહ માંથી હોય અને એ કૌલ સાચો હોય અને લોગોને સુધારવા વાસ્તે, સાચી રાહ બતાવવા વાસ્તે, કુસૂરને દૂર કરવા વાસ્તે હોય, તો તેઓને આ વાત ખોટી લાગે. પોતાના નામ પર તે વાતને ચઢાવી દે અને રિસાઈ જાય. કહે કે, આ તો હમારા પર કહેવામાં આવું છે, હમારા પર જફા થઈ છે. મગર તે તો ફક્ત નસીહતના દાએરામાં-પૈરાયામાં કહેવામાં આવું હોય.

➢ તેઓના ઐબની ઝિક્ર થાય કે, જે હકીકતમાં મૌજૂદ હોય અને બીજા લોગો તે ઐબથી ખબરદાર હોય, તો પણ એ લોગો પોતાની ગંદી ઝાતમાં ઝાંકવા તૈયાર નથી અને તેઓ પાસે કોઈ ઢાંકણ નથી કે, જેથી પોતાના ઐબને છુપાવી શકે. દાઈથી દુશ્મની તે દુનિયાનો મોટામાં મોટો ઐબ છે.

➢ તેઓના નઝદીક કોઈ અમાનત મુકવામાં આવે તો કોઈના કોઈ બહાનાથી તેમાં ખયાનત કરી બેસે. આમ કરવામાં તેઓ શરમિંદા પણ ના થાય. તેઓને કોઈ વાત કહેવી કે, જે રાઝ હોય તો પણ ઝરા જ વક્તમાં તેઓ તે રાઝને ફાશ કરી દે અને પછી તેઓને તે બાબત પૂછવામાં આવે તો બિલકુલ બેખબર બની જાય અને બીજા ઉપર તે ઈલ્ઝામને ઢોલી દે.

➢ દાઈ પોતે તે નિફાકના લોગોને રાહે રાસ્ત પર લાવવા અને તેઓની બહેતરી ચાહવા નઝદીક બોલાવે યા કોઈ કામ સિપુર્દ કરે તો તેઓ મુદારાત વાસ્તે મૂँહ બતાવવા જ આવે અને કામ બનાવવાના બદલે બિગાડી દે. પછી તેઓ પાસેથી જવાબ તલબ કરવામાં આવે તો ફરાર થઈ જાય, નાસી છુટે. તેઓમાં દાઈ તરફનું નૂર બાકી ના રહે કે, જેથી તેઓ દાઈને ચહેરાને જોઈ શકે.

(બકીયાહ પેજ નં. ૯ પર)

**વેપાર, ઈન્સાફ અને મહેનત સિવાય કરે નહીં.**

## અસ્હાબુસ્સુફ્ફહ – દિલના મુખ્લિસ ફકીરો

ફરમાને ઈલાહી થયું કે, "અય મારા હબીબ ! તમેં એને જ ઈન્ઝાર કરો, ધમકાવો, ખૌફે અઝાબ બતાવો કે જે શખ્સના દિલમાં મારો ખૌફ હોય. તમામને આપની આ વાત અસર નહીં કરે. જે દિલ પર દૌલતે દુનિયાની પકડ હશે તેમાં તકવાની કોઈ જગા નહીં હોય. તમેં અલ્લાહવાલા, ભલેને તેઓ ફકીરો હોય, માલી હાલતથી ખસ્તા હોય, તાકતે દૌલતથી ખાલી હોય, તમેં તેઓની તરફ પહેલા તવજ્જોહ કરો અને સામે ચાલીને મેં તેઓના ઉપર સલામ બોલો. **તૌબા કરનારને અલ્લાહ બખ્શી દે છે.**"

બયાન આવેલું છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નઝદીક એક દિન કેટલાક કુરૈશના સરદારો આવા. તે હંગામમાં આપના નઝદીક મૌ. સોહૈબ, બિલાલ, અમ્માર, અબૂઝર, સલમાન (રિ.અ.) બેસા હતા. નબી સાહેબે આ તમામ આપના સોહબતીઓને "**અસ્હાબુસ્સુફ્ફહ**" (ફકીરો, હકક્કના તાલિબો) લકબ ઈનાયત કીધો હતો. સરદારોએ આપને કહ્યું કે, "આપ પહેલે આ ફકીરોને નિકાલી મુકો, પછી હમેં આપના નઝદીક આવીએ અને આપનાથી કલામ સાંભલીને ઈસ્લામ લાવીએ." તેઓના આ મુજબ એતેરાઝ કરવા પર આપને એવો કઈ ખયાલ દિલમાં થયો કે, આપ ઈસ્લામની ઈશાઅત, ફેલાવ અને ફરોગને વાસ્તે તે મુજબ જ કરે જે મુજબ કુરૈશી સરદારો ચાહતા હતા.

મગર પછી ઈરશાદે રબ્બાની થયો કે, "**એ ફકીરો જેવા દેખાતા આપના ખાસ મદદગારોને, હમદર્દોને કોઇના કહેવાથી હરગિઝ ના નિકાલો, દૂર ના કરો. જો આપ આમ કરશો તો ઝાલેમીનમાં શુમાર થાશો.**" દુનિયાવી જાહો હશમ અને માલો મતાઅ અલ્લાહતઆલાને પસંદ નથી. તેના નઝદીક એ શખ્સની ઈઝઝત છે જે તકવા-પરહૈઝગારી રાખે. દૌલતે દુનિયાથી નહીં મગર દૌલતે તકવાથી અલ્લાહતઆલા ખુશ થાય છે.

આ વાકેઆથી સાફ થઈ ગયું કે, દીને હક્કના હિમાયતી અને મદદગારો પહેલામાં પહેલા માલી હાલતથી પસ્ત લોગો જ હશે. આ લોગો બાહરથી ફકીર જેવા દેખાશે પણ તેઓના દિલો ઝમીર ઈમાનની દૌલતથી ભરેલા હશે. આ જ ખરા લોગો છે. તેઓને શોહરત, લાલચ, હસદ, દૌલત, રૂત્બો, રાહતની કોઈ જ પરવાહ નહીં હોય. મગર હક્કના સાહેબ નું શું ફરમાન છે તે જ મુજબ તેઓ અમલ કરશે. હક્કના સાહેબ વાસ્તે ઈરશાદે ઈલાહી એમ છે કે, "**આ સિફતના લોગોને તમેં તમારા નઝદીક બેસાડો અને સામે ચાલીને તમેં તેઓ ઉપર સલામ પઢો.**" ✯

---

(પેજ નં. ૮ નું બાકી)

➢ જે વક્ત તેઓના નઝદીક કોઈ નસીહત-સબકની વાત કહેવામાં આવે તો તેઓ મજલિસમાં તો બેસા હોય મગર આઁખો બંધ કરીને બેસી જાય, જાણે કે, સુઈ ગયા હોય. આઁખોને મિલાવીને ઝુકાવી દેવી તે ઈકરાર અને મોહબ્બતની નિશાની છે. આઁખોને ફિરાવીને બંધ કરી દેવી તે ઈન્કાર અને નફરતની નિશાની છે. તેઓ બેસા તો હોય મગર કોઈ વાત તેઓના દિલમાં ઉતરતી ના હોય. જેમ કોઈ ચીઝ, પત્થરથી બનેલી દીવાલ પર વાગે અને પાછી ફેંકાય, તેમ નસીહતની વાત, પત્થર બનેલા તેઓના દિલો ની દીવાલ પર વાગીને પાછી ફેંકાય છે. તેઓ કલામે નસીહતને કુબૂલ કરી શકતા નથી.

➢ તેઓને કોઈ એવી ચીઝની લાલચ આપવામાં આવે કે, જે તેઓની દૌલતમાં વધારો કરતી હોય યા દુનિયાની રાહત-આરામમાં ઈઝાફો કરતી હોય, તો તેઓ તરત જ દોડીને આવશે. દૌલતે દુનિયા અને રાહેત મઆશ લેવા તેઓ હર વક્ત તૈયાર હશે, પછી તેઓ એ નહીં જોઈ કે તેને કૌન આપી રહ્યું છે. લાલચ, લોભ, તમાઅ, રૂશ્વત વગૈરહથી તેઓ ખેંચાઈ છે. લાલચની ગરઝ તેઓને આંધલા બનાવી દે છે અને જે વક્ત આ ગરઝ પૂરી થાય છે કે, તેઓનો દૂર-દૂર તક કોઈ અતો-પતો માઅલૂમ પડતો નથી. ✯

**હજ્જ, તૌબાની નિય્યત બગૈર કરે નહીં.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
**કિસ્ત - ૫૫**

હર એક અમર-હુકમમાં બે જ ચીઝો રૂનુમા થાય છે. એક છે, "હાઁ" અને બીજી, "ના". "હાઁ" યા "ના" કહેવું સહી પણ હોય છે અને ગલત પણ. કોઈ પણ શખ્સને પૂરી આઝાદી છે કે, એ કોઈ પણ વાત વાસ્તે હાઁ કહે યા ના કહે. એની પસંદગી અને ફાયદા મુજબ એ હાઁ કહી શકે છે અને જેમાં એને કરાહીયત હોય, તબીઅત મુજબ ના હોય, નાપસંદીદહ હોય તેમાં એ ના કહી શકે છે.

શરીઅતના અહકામ પણ હલાલો હરામ પર દારોમદાર રાખે છે. હલાલનો તઅલ્લુક ઈકરાર અને ફાયદાથી છે અને હરામનો તઅલ્લુક ઈન્કાર અને નુકસાનથી છે. આ શરીઅત છે અને તેના કાનૂનને માનવું હર ઈમાનદાર પર વાજિબ થઈ જાય છે. તેને ના માનવામાં ઈન્સાનની મરઝી કે દખલગીરી ચાલતી નથી. **ફક્તને ફક્ત એક ઇમાનદારનો ઇખ્લાસ, યકીન અને પાબંદીએ દીન કામ આવે છે.** જે શખ્સ શરીઅતને તાબેઅ થાવામાં પાકો હશે તેની ઈતાઅત ગહેરી હશે અને જે શખ્સ ફક્ત નામનો ઈમાનદાર હશે, એ લમ્હા-બ-લમ્હા, ઘડી-પર-ઘડી નાફરમાની-માઅસીયત કરતો રહેશે. ઈકરાર અને ઈન્કારની બિના પર ઈતાઅત અને માઅસીયત હોય છે.

**અલ્લાહતઆલાની માઅસીયત જ હલાકી અને બરબાદીનો સબબ બને છે.**

કિસ્સો : મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) આપના હવારીયૂન (મુમેનીન) સાથે એક એવા શહેરમાં પહોંચા કે, જેમાં તમામે તમામ રહેનારાઓ હલાક થઈ ચુકા હતા, તેઓના લાશાઓ ઝમીન પર અફર-તફર પડેલા હતા. આ તરહનો દહેશતનાક અને દર્દનાક મંઝર જોઈને મૌ.ઈસાનું દિલ ગમથી ભરાઈ આવું. આપે બેકરાર થઈને અલ્લાહતઆલાને આ હલાકીનો સબબ પૂછો. ઈરશાદે રબ્બાની થયો કે, "**અય ઇસા ! આ જગાના લોગો જેટલા હલાક થયા છે તેમાંથી કોઇ પણ એક નિદા કરો, એ ઝરૂર તમને જવાબ આપશે.**" આપ તે જગા પર ગયા જ્યાં શહેરનું મરકઝ હતું અને ત્યાં બેશુમાર લાશાઓ પડેલા હતા. ત્યાં આપે નિદા કીધી કે, "હું અલ્લાહનો નબી તમને સઘલાને પુકારૂં છું. તમેં મારી નિદાને સાંભલો અને તમારી આ તરહની ગમનાક હલાકતનો સબબ મને બતાવો."

તે તમામ માંથી એક મૈયેત-લાશો ઊભો થયો અને કહ્યું કે, "અય ઈસા ! હું હાઝિર છું અને આપની નિદા અને હમારી હલાકતનો સબબ બતાવવા અલ્લાહતઆલાએ મને ઝિંદા ઉઠાડેલો છે. હું આ તમામ મરેલા લોગોનો સરદાર છું. પૂરૂં શહેર મારી સરદારી અને હુકમરાની ને ઝૈર હતું. મગર હમેં હમારા દરમિયાન જે એક બુઝુર્ગ પરહેઝગાર શખ્સ હતા એ અલ્લાહતઆલાની ઈતાઅત-ફરમાઁબરદારી તરફ, ઈબાદત તરફ, દીનદારી તરફ હમને પુકારી-પુકારીને વફાત થઈ ગયા. **એમની કોઇ નસીહત હમેં હમારા કાન પર ના લીધી.** હમારા આ તરહના ખરાબ સુલૂકથી એ ગમગીનીમાં ગુઝરી ગયા. અલ્લાહતઆલની માઅસીયત-નાફરમાની કરવામાં હમેં એટલા આગલ વધી ગયા અને હમારા ગુનાહોં એટલા વધારે થઈ ગયા કે, હમારા તમામે તમામ પર અઝાબે ઈલાહી નાઝિલ થયો, હમેં આફતમાં મુબ્તેલા થયા અને ખૌફનાક તરીકાથી હમેં તમામ હલાક થઈ ગયા."

"**તે અઝાબ એવો હતો કે, તેની ઝિક્ર કરવા વાસ્તે મારી ઝબાનમાં તાકત નથી અને હમારા બદ-કરતૂતોના સબબ જ હમેં સખ્તમાં સખ્ત સઝા ઉઠાવી રહ્યા છે.**" મૌ.ઈસાને આ મુજબ કહીને તે લાશો દોબારહ તેની અસલી હાલત પર ચાલો ગયો. આપનું દિલ દર્દો ગમથી ભરાઈ આવું અને આહોઝારી કરીને આપે હવારીયૂન ને ફરમાવું કે, "અય મારા મુમેનીન ! તમેં અલ્લાહતઆલાના અઝાબથી ડરો અને આ કૌમની હાલતથી તમેં ઈબરતને હાસિલ કરો. અરે ! આ દુનિયા શું છે ? તે તો સામાનનું ઘર છે, થોડા વક્ત વાસ્તે રાહતની જગા છે.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**કાઝી, શાહિદ બગૈર કોઈનો ફેસલો કરે નહીં.**

## હરામનામું

➔ મુમેનીન ! હરામ ચીઝોથી દૂર રહો. તમામ હરામ ચીઝોમાં દારૂ-શરાબ, શતરંજ (ગેમ ઓફ ચાન્સ), આંકડા લગાવવા-પાસા ફેંકવા અને બુતપરસ્તી-મખ્લૂકની બંદગી, આ બદતરીન હરામકારી છે. આ ચાર ચીઝોમાં શરાબ તમામ કરતા ઝિયાદહ નાપાક છે.

➔ કુરઆને કરીમમાં આ ચીઝોને હરામ કરવા વાસ્તે જે આયતે શરીફહ છે, તેની ઈબ્તેદા **"ઇન્નમા"** થી થાય છે. યાઅની કે, આ લફઝથી આ ચીઝોને હર હાલમાં, હર મિકદારમાં હરામ કરવામાં ખૂબ તાકીદ અને મઝબૂતી આવેલી છે. તેમા એક ઝર્રા બરાબર પણ રિહાઈ આપવામાં આવી નથી.

➔ શરાબ, નાપાકીઓની જડ છે, ગુનાહોંની માઁ છે. હમેશા શરાબ પીનાર બુતપરસ્તી કરનારની મિસિલ છે. શરાબી વાસ્તે કત્લ કરવું, ઝિના કરવી, નાચવું, તૂફાન મચાવવું, ગાલી દેવું, બેઈઝઝતી કરવી, આવારાગરદી કરવી આસાન થઈ જાય છે. શયતાન, શરાબ ના ઝરીએ ઈન્સાનમાં દાખિલ થાય છે.

➔ હરામ ચીઝોમાં **શરાબનું હરામ થાવું અવ્વલ નંબર** પર છે. કેમકે, તે ઈન્સાનની અક્લને મારી નાખે છે. મૌ. ઈમામ હુસૈન (અ.સ.) નો કાતિલ-ઝાલિમ યઝીદ શરાબી હતો. શરાબને રિજસ કહ્યું છે અને તેની માઅના નાપાકીની છે અને નાપાક ચીઝ હમેશા હરામ હોય છે.

➔ શાદી યા તેના જેવા મૌકાઓ પર શરાબ શયતાની ફસાદ ઊભો કરે છે. નાચવું-ગાવું, મસ્તી મચાવવી, તૂફાન કરવું, બૈરોની બેહુરમતી કરવી, મસ્ખરી કરવી, ઘરવાલાને પરૈશાન કરવા, દુલ્હાને રાતે લઈ જઈ એક જગા પર બેસાડી દેવો, તરહ-તરહના ફિત્ના કરવા, આ તમામ શરાબના રસ્તાથી દાખિલ થાય છે.

➔ હરામ ચીઝોથી દૂર રહેવાનો હુકમ કીધો છે. અલ્લાહતઆલા એ શખ્સને જીત-કામિયાબીનો વાઅદો આપે છે, **જે હરામ ચીઝોથી ખુદને બચાવે છે અને બીજાને તેનાથી બચવાની તાકીદ પણ કરે છે.** શરાબ યા જુગારનું હરામ થાવું તેના વાસ્તે છે, કેમકે, તે આપસમાં કીનો અને અદાવત પૈદા કરે છે. દિલોમાં જુદાઈ-ફિરાકી પૈદા કરે છે. અલ્લાહતઆલાની ઝિક્રથી અને નમાઝથી રોકે છે.

➔ જ્યાં શરાબ હશે ત્યાં ઝિના-ગૈરજાઈઝ જિસ્માની તઅલ્લુકાત હશે. જ્યાં ઝિના હશે ત્યાં શરાબની નાપાકી આવશે જ. ઝિના, ફનાનો રસ્તો ખોલી દે છે. **ઝિના અને શરાબ બેશરમીના દલદલ છે.** જે પણ તેમાં ખૂઁપી જાશે તો એ કોઈ વક્ત તેમાંથી આઝાદ નહીં થઈ શકે. આ બે ચીઝો ઘરની બરબાદી-બેનામી લાવે છે અને સાથે સમાજમાં એ શખ્સ સિયાહ-ફામ થઈ જાય છે.

➔ હરામની ચીઝોમાં ઝબીહત કીધા બગૈર મરેલા જાનવરનો ગોશ્ત, ખૂન, ભૂંડ-સૂવરનો ગોશ્ત હરામ છે. ઝબીહતના ગોશ્તમાં જ અલ્લાહતઆલાએ બરકત અને શિફા મુકેલી છે. હલાલના ગોશ્તથી તબીઅત મોઅતદલ રહે છે. નિય્યતમાં પાકીઝગી રહે છે અને તે ઈબાદતના સવાબમાં ઈઝાફો કરે છે.

➔ બુત-પરસ્તી યા મખ્લૂકની પૂજા-બંદગી હર હાલમાં હરામ છે. **આમ કરવું ખુદની ઝાત પર ઝુલ્મ છે.** ખાલિક સિવાય એક મખ્લૂક કે, જે પત્થર હોય, ઝાડ હોય, નદી હોય, તારા હોય, સૂરજ-ચાઁદ હોય, જાનવર-પરિંદ હોય, કોઈ નામવર શખ્સ હોય, મકાન હોય, કૂવો હોય, અનાજ હોય, વગૈરહ તે બીજા કોઈ મખ્લૂકની મદદ કઈ તરહ કરી શકે ! બુત અને બુતપરસ્ત બેવે તેના ખાલિકના મોહતાજ છે, મજબૂર છે અને તાલિબે રિઝક છે. એક મોહતાજ બીજા તેના જેવા મોહતાજની હાજિતરવાઈ કઈ તરહ કરી શકે !

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**કુરઆન, સલવાત બગૈર એક આયત પણ પઢે નહીં.**

(પેજ નં. ૧૧ નું બાકી)

➔ કત્લ કરવું, પાક-દામન બૈરો પર ઈલ્ઝામ મુકવો, ગીબત કરવી અને જૂઠ બોલવું તમામ હરામ છે. આમ કરનાર મોટો ગુનાહગાર છે. એક માઅસૂમને કત્લ કરવું પૂરી ઈન્સાનીયતને કત્લ કરવા મુજબ છે. કોઈનાથી સાંભલેલી વાત પર, અધૂરી-જૂઠી વાત પર, તહેકીક કીધા બગૈરની વાત પર એતેમાદ મુકીને બૈરોની પાક-દામની પર આંગલી કરવી, તે શયતાની હથિયારથી એ બૈરોની ઈઝઝતનું કત્લ કરવું છે. આ કત્લ, ઝાહિરમાં કોઈના કત્લ કરવા કરતા ઝિયાદહ સંગીન અને કાબિલે અઝાબ છે.

➔ ઈમામે હક્ક તરફથી જેહાદ-જંગ કરવાનું એલાન થાય અને તે વાસ્તે કોઈ બહાના બનાવે, જેહાદ વાસ્તે તાખીર કરે, આમ-તેમ કરવા લાગે, જાવાનો ઈન્કાર કરી દે, જાય તો સહી મગર કામને અંજામ આપા બગૈર જ પાછો ઘરે આવી જાય, તો એ ઈમામનો મુન્કિર છે અને **ઇમામનો મુન્કિર એ અલ્લાહ રસૂલનો પણ મુન્કિર બની જાય છે.** કૌમને બચાવવા વાસ્તેની જેહાદ કોઈ પણ તરહની હોય, મુમિન પર પોતાના ઈમામ-દાઈના ફરમાનને માતહત કોઈ બહાના-ઉઝ કીધા બગૈર જેહાદમાં જોડાઈ જાવું ફરઝે ઐન છે.

➔ ઈમાનદારની દાઈને વાસ્તે, ઔલાદની વાલેદૈનને વાસ્તે, બૈરોની શૌહરને વાસ્તે, શાગિર્દની ઉસ્તાઝને વાસ્તે, મુલાઝિમ-નોકરની શેઠ-મુરબ્બીને વાસ્તે, નાફરમાની હરામ છે. જો કોઈ આમ કરે તો બેવેને દરમિયાનનો ફાયદો આપવાનો-લેવાનો રિશ્તો તૂટી જાય છે, ફૈઝ અટકી જાય છે. આ પાકીઝા રિશ્તાને સાચવવા વાસ્તે મફઝૂલ-હાજિતમંદ નીચા શખ્સ પર ઝરૂરી બને છે કે, એ એના ફાઝિલ-હાજિત પૂરી કરનાર શખ્સ વાસ્તે ઈઝઝત રાખીને એના તાબેઅ રહે, હુકમ પર ચાલવા વાસ્તે ખુદને તૈયાર કરે.

➔ ઈન્સાની ઝિંદગીના હર એક પાસા-ગોશા-પહેલૂ વાસ્તે શરીઅતે હક્કમાં અદબો આવેલી છે. આ અદબો-કાનૂનોથી ખિલાફ કોઈ પણ ચીઝ થાય તો તેને હરામ સમઝવામાં આવે. જેમકે, બૈતુલ ખલાની અદબો, મસ્જિદની અદબો, જમવાની અદબો, ઝિયારતની અદબો, બૈરો સાથે જિસ્માની તઅલ્લુકાત બાંધવાની અદબો, ઘરમાં દાખિલ થાવાની અદબો, ગુફતગૂ કરવાની અદબો, શાદીની અદબો, નમાઝમાં સફ કરવાની અદબો, ઝબીહત કરવાની અદબો, મૈયેતની અદબો, કબ્રસ્તાનની અદબો, મજલિસની અદબો, પાની પીવાની અદબો, સુવાની અદબો, વેપારની અદબો વગૈરહ. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

કાફિર હોય કે મુમિન, હર એક પોતાનું રિઝક લે છે. ફકીર પાછો અમીર બને છે અને અમીર થોડા વક્ત પછી ફકીર બને છે. **દુનિયા તે ઇન્કેલાબની જગા છે.** વક્ત બદલાતો રહે છે, કોઈ વક્ત નૈક લોગોનો તો કોઈ વક્ત બદકારોનો દૌર હોય છે."

"અય મારા હવારીયૂન ! તમેં ખૂબ સમઝી લો કે, આ દુનિયા એક હસીન ઔરત મુજબ છે. તેના પાસે **રોઝ-બ-રોઝ નવા-નવા શૌહરો** આવા કરે છે. તેના હુસ્નો જમાલનો લુત્ફ લેવા, તેનાથી મન બહેલાવવા, ઝિયાદહથી ઝિયાદહ ફાયદો હાસિલ કરવા, તેની ફરૈબી ચાલ-ઢાલમાં ફસાતા જાય છે અને આખિરકાર છેતરાઈ જાય છે. **ખબરદાર, ખબરદાર ! તમેં તેના જમાલ તરફ ના જાજો અને તેની જાલ થી દૂર રહેજો.** ઈતાઅતે ખુદાવંદી કરીને એક પલ પણ નૈક અમલથી ગાફિલ ના રહેજો. કેમકે, તમેં આના સબબ હલાકીથી બચી જાશો અને નારે જહન્નમથી બરી થઈ જાશો." ✯

---

**તાઅરીફ, તેના મુસ્તહિક્ક સિવાય બીજા નઝદીક ઝિક્ર કરે નહીં.**

**મોબાઈલ, ઝરૂરત બગૈર કોઈ પણ વક્ત હાથમાં લે નહીં.**

**મકાન, પડોશી ને જાણા બગૈર કોઈના પાસેથી ખરીદ ના કરે.**

## મરસીયહ
## વફાતે રસૂલે ખુદા (સ.અ.વ.વ.)

આજ ઉનકી બઝમે ગમ હે જો ઝહરા કે હે પિદર,
જો હે મદીના ઈલ્મ કા હયદર હે ઉસકે દર,
નાના હસન-હુસૈન કે વો સૈયેદુલ બશર,
ગમખ્વાર અપની ઉમ્મતે આસી કા સર-બ-સર,
સામાને તાઅઝીયત હે મોહંમદ કી આલ મેં,
ઝહરા યતીમ હોતી હે અઠ્ઠારા સાલ મેં.
પર અહમદે મુખ્તાર થે જબ હોશ મેં આતે,
ઝહરા કો બસદ યાસ કલેજે સે લગાતે,
ફિર પ્યાર સે યે દોનોં નવાસોં કો સુનાતે,
મૈં અચ્છા હું તુમ કિસ લીએ ખાના નહીં ખાતે,
ક્યા હાલ બના રખ્ખે હૈં તુમને મેરે પ્યારે,
ક્યા ભૂખ સે મુરઝા ગએ ચહેરે યે તુમ્હારે,
ફિર રોકે યે ઝહરા સે લગે કહેને પયમ્બર,
તાકત નહીં ગલબા હે બહુત ભુખ હે ઈન પર,
કુછ ખાનેકો દો ઈનકો જો આયા હો મયસ્સર,
ફરમાને લગી ફાતેમા તબ આઁસૂ બહા કર,
ક્યા લાકે ખિલાઉં ઈન્હેં ક્યા હે મેરે ઘર મેં,
યે તીસરા દિન હે કે હે ફાકા મેરે ઘર મેં.
કિસ મૂઁહ સે કહૂં અબ તુમ્હેં ઈન બચ્ચોં કા અહવાલ,
જબ છોટે સે હાથોં કો યે ગરદન મેં મેરી ડાલ,
કહેતેં હૈં કે યૂઁ ભૂખે ન હોંગે કોઈ અત્ફાલ,
અમ્મા હમેં ખાનેકો દો અબ તો હે બુરા હાલ,
કૌન ઐસા હે જિસ શખ્સ કે ખાના નહીં ઘર મેં,
તુમ ઐસી હો નાદાર કે દાના નહીં ઘર મેં.
યે ઝિક્ર થા કે મસ્નદે અહમદ હુઈ ખાલી,
ઝહરા પુકારી હો ગએ બેવારિસો વાલી,
સામાન રંડાપે કા હુવા કૈસે બહાલી,
આઈ હે ફકીરી યે ઘડી કૈસી હે કાલી,
ના રાત કો ના દિન કો યે સોએગી ફાતેમા,
જબ તક જીએગી આપ કો રોએગી ફાતેમા.
ફિર રોકે યે ફરમાયા કે દેખો મેરી હાલત,
પૈવંદ હૈં જિસ મેં વો રિદા સર પે હે હઝરત,
બચ્ચોં સે મેરે તુમકો નિહાયત થી મોહબ્બત,
ઈસ વક્ત નહીં હોતી હે ક્યૂં ઈન પે ઈનાયત,
મુઝ માઁ સે યે રૂઠે હૈં મનાતેં નહીં બાબા,
અબ ઉઠ કે કલેજે સે લગાતેં નહીં બાબા.
ભૂખે યે હુએ હૈં ઈન્હેં કુછ લાકે ખિલાવો,
પ્યાસે હૈં નિહાયત ઈન્હેં પાની તો પિલાવો,
ચહેરે સે ઝરા ગુશતએ ચાદર તો હટાવો,
ક્યા સો રહે હો મૂઁહ તો નવાસો કો દિખાવો,
ક્યા દેખી ખતા હમસે કે મૂઁહ મોડ ગયે તુમ,
ઈતના કહો કે કિસ પે હમેં છોડ ગયે તુમ.
મહેવે અઝા બતૂલ હે, માતમ નશીં અલી,
દફનો કફન કી ફિક્ર મેં થે ગમ-નશીં અલી,
સર ખમ કીએ ચઢાએ હુએ આસ્તીં અલી,
યૂઁ લે ચલે જનાઝા નબી કા હઝીં અલી,
ઈતને બહાએ આંસૂ શહે ખુશ ખિસાલ ને,
મોતી લુટાએ ફાતેમા ઝહરા કે લાલ ને.
ફિઝ્ઝા બયાન કરતી હે ઉસ વક્ત કા યે હાલ,
વીલાલ સે બદન ભી હુવા સૂરતે હિલાલ,
માતમ કે નીલ સીને પે રોને સે આઁખ લાલ,
મૂઁહ ઝર્દ, હોંઠ ખુશ્ક, પરેશાઁ થે સર કે બાલ,
રોતી ચલી બતૂલ મઝારે રસૂલ પર,
કહેતી થી અય રહીમ, રહેમ કર બતૂલ પર.
નિકલે ઘરોં સે અહલે મદીના યે જાન કર,
કોઈ સંભાલે દિલ કોઈ થામે હુએ જિગર,
રોતે થે સબ કે સબ વહાઁ ઝહરા કે હાલ પર,
કહેતે થે એક-એક સે યે પીટ-પીટ કર,
કૌન અબ બુઝુર્ગ હે જો સંભાલે બતૂલ કો,
યા રબ ગમે પિદર સે બચા લે બતૂલ કો.
ચિલ્લાઈ આહ વા અબતા યા મોહંમદા,
શાહોં કે શાહ વા અબતા યા મોહંમદા,
નૂરે ઈલાહ વા અબતા યા મોહંમદા,
દીં કે પનાહ વા અબતા યા મોહંમદા,
બાબા બતૂલ આઈ હે તસ્લીમ કે લીએ,
ઉઠતે નહીં મઝાર સે તાઅઝીમ કે લીએ.
ક્યા સો રહે હો કબ્ર મેં તન્હા જવાબ દો,
ચિલ્લા રહી હે આપકી ઝહરા જવાબ દો,
(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**દૌલત, ખૈર બગૈર કોઈ પણ ગૈર ચીઝમાં ખર્ચ ના કરે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

મૌલા જવાબ દો મેરે આકા જવાબ દો,
દિલ માનતા નહીં મૈં કરૂં કયા જવાબ દો,
બોલો મૈં સદકે જાઉં બહુત દિલ-મલૂલ હું,
બાબા બતૂલ હું મૈં તુમ્હારી બતૂલ હું.
મૂઁહ રખકે બોલી કબ્ર પે બાબા બિછડ ગએ,
બાબા કિધર ગએ મેરે બાબા કિધર ગએ,
ક્યૂઁ ફાતેમા કો બેકસો બેચાર કર ગએ,
મુઝકો યતીમ કર ગએ અચ્છ ના કર ગએ,
છાતી કલક સે દેખને વાલોં કી ફટ ગઇ,
લેકર બલાએઁ કબ્ર સે ઝહરા લિપટ ગઇ.
બાબા તુમ્હારી લાડલી બેટી કા લો સલામ,
યે ફાતેમા દુ:ખ-દર્દ કી મારી કા લો સલામ,
અચ બાબાજાન આપકી પ્યારી કા લો સલામ,
બાબા યે ચક્કી પીસનેવાલી કા લો સલામ,
અફસોસ મેરા ચાહનેવાલા કોઈ નહીં,
અબ ફાતેમા કા પૂછનેવાલા કોઈ નહીં. ✯

-------------

## લફઝી કશ-મ-કશ

**✷ ઉભી તરકીબ :**

૧) આ દુનિયામાં જે આઁખ અલ્લાહના ...... થી રોઈ હશે તે આખેરતમાં ફરહતમાં હશે. (૨)
૨) અપની શરીઅત ઝાહિર-બાતિન પર મબ્ની છે. દૌલતને ખૈરમાં આપવી, જેમકે ....... આપવો તે બાતિન છે અને ઝકાત આપવી તે ઝાહિર છે. (૩)
૩) ઝિંદગાની ...... એક જેવી રહેતી નથી. કોઇ વક્ત ઉતાર તો કોઇ વક્ત ચઢાવ આવા કરે છે. (૩)
૭) કાતિલે ઈમામ હુસૈન (અ.સ.) ..... ની સિફતના લોગો આજે પણ ઝિંદા છે જે અપને તે ઝાલિમ કાતિલની યાદ અપાવે છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✷ આડી તરકીબ :**

૨) અગર વતનમાં રોઝી ના મિલે તો મુમિનને પોતાનું શહેર છોડીને બીજી જગા ....... કરવો જોઈએ. (૩)
૪) ફરિયાદ, શિકાયત, શિકવા. (૨)
૫) ઝાદે તકવા બગૈર આ જહાનથી ....... થાવું તે બુરીમાં બુરી વાત છે. (૨)
૬) હર ...... નું ફલ જલ્દી મિલતું નથી મગર તેનાં વાસ્તે સબર કરવો પડે છે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખી | | |
| | ન | ર | મી | |
| રિ | હા | X | ઝા | દ |
| | ર | સ | ન | |
| | | ફી | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

**કપડા, ઉસ્તુવાર કીધા બગૈર તેને પહેરે નહીં.**

## કસીદહ મુનીરહ
**દર દરબારે**
**સૈ. બદરૂદ્દીન હસન બિન સૈ. વલી (ક.રૂ.)**

આપકે રૌઝે પે આકર ઝુક ગએ,
યાદ આઈ આપકી ઔર રો દીએ.
----
બનકે આએં હૈં સવાલી, અય હુઝૂર,
ભર દો ઝોલી જો હે ખાલી, અય હુઝૂર,
કબ્ર સે સીના લગા કર કેહ દીએ,
આપકે ............
હૈં બહુત અહેસાન હમ પર આપકે,
હોગા કૈસે કોઈ હમસર આપકે,
શુક્ર સે લબ હમ સજા કર આ ગએ,
આપકે ............
રાહે જન્નત આપસે હમકો મિલી,
આબે કૌસર કી નહેર હમકો મિલી,
તા-અબદ કી નેઅમતોં કો પા લીએ,
આપકે ............
ઈલ્તેજા કરતેં હૈં મુશ્કિલ કર દો દૂર,
આફતો રંજો બલા મેં હમ હૈં ચૂર,
દામને રહેમત મેં દાખિલ કીજીએ,
આપકે ............
આપને દાઅવત મેં લાઈ હે બહાર,
હક્ક કે ઈસ ગુલશન મેં આયા હે નિખાર,
ગુલ હમેં ઈસ બાગ કે કર દીજીએ,
આપકે ............
હૈં ફરિશ્તેં આપકે ખિદમત-ગુઝાર,
કહેતેં હૈં વો આપકો યે બાર-બાર,
આપકે ઝાઈર કો બખ્શવા દીજીએ,
આપકે ............
જો અકીદત સે અય મૌલા આતેં હૈં,
સાથ વો ફૂલોં કી ચાદર લાતેં હૈં,
આપ ઉનકી હર દોઆ સુન લીજીએ,
આપકે ............
આપને કાઈમ કીએ અરકાને દીન,
હો ગઈ સરસબ્ઝ ઈમાઁ કી ઝમીન,
નેઅમતે ઈમાઁ સે દિલ ભર દીજીએ ,
આપકે ............
કર દેં હમ કુરબાન અપની ઝિંદગી,
આપકી ખિદમત હે દૌલત સે બડી,
ખૂબસૂરત અજર ઉસકા દીજીએ,
આપકે ............
અય ખુદા ! હાતિમ ઝકી કો શાદ રખ,
દાઈએ બર-હક્ક કો તું આબાદ રખ,
દૂર ઉનસે રંજો ગમ કો કીજીએ,
આપકે ............
હે **નઝર** ઈસ શબ કો તુરબત પર ખડા,
સરનિગૂઁ વો હોકે આયા હે ગદા,
મુદ્દુઆએ દિલ અતા કર દીજીએ,
આપકે ............ ☆

## તિજારત

**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

**નૂરભાઈ કેટરર્સ એન્ડ સ્વીટસ**
**અમારા ત્યાં નીચે મુજબના ઓર્ડર લેવામાં આવશે.**
**ચોખ્ખો સામાન, વ્યાજબી ભાવ અને સ્વાદિષ્ટ....**
દરેક પ્રસંગના જમણ, વડાનું ખીરૂં, ફાતેહાની ખીર-મલીદો
મીઠાઇમાં કોપરા પાક, ડ્રાયફ્રૂટ હલવો, મેંગો બરફી,
ગુંદર પાક, વિગેરે.
હોમ ડિલીવરી કરવામાં આવશે.
**મો.: ૯૭૨૪૬૧૫૫૫૭ (બદરૂદ્દીન રંગવાલા)**
**મો.: ૮૪૬૯૬૮૦૩૦૮ (સુલતાના કોઠીવાલા)** ☆

**રાઝ, કોઈ એક સિવાય બીજા નઝદીક ના ખોલે.**

## મૌલાના અબુલ કાસિમ
## ઈમામ તૈયેબ (અ.સ.)
## ૯૧૯ મી સાલગિરહ : ૪ રબી.આખર

તસવ્વુર મેં દિયારે તૈયેબી મેં ઘૂમ લેતા હું,
મૈં ઉનકા મસ્ત હું, મસ્તી મેં આકર ઝૂમ લેતા હું,
ખુદાને કિતના પ્યારા નામ રખ્ખા મેરે તૈયેબ કા,
જબ ઉનકા નામ આતા હે, તો ઊંગલી ચૂમ લેતા હું. ✯

## મીલાદે હાતિમી
## આકા મૌલા (ત.ઉ.શ.)
## ની ૬૪ મી સાલગિરહ

યે ખુશગવાર હે ક્યા પુરબહાર સાલગિરહ,
મુબારક આપકો યે શાનદાર સાલગિરહ,
ખુદા કરે કે મનાઓ યૂઁ હી હઝાર બરસ,
તુમ અપની ઉમ્ર મેં અય નામદાર સાલગિરહ. ✯

------

તખ્તે તૈયેબ પર જો બૈઠે સાહેબે ઈમાન હૈ,
ગોયા રહેલે પાક પર રખ્ખા હુવા કુરઆન હૈ,
મોહતરમ સે મોહતરમ કરતેં હૈં ઈનકા એહતેરામ,
દેખ લો દાઈ મેરે કિતને હૈં અઝીમુશ્શાન. ✯

## દિલચસ્પ એક કિતાબ

મૌલા કે દસ્તે પાક પે હે આજ નિકાહ-ખ્વાની,
દુલ્હા-દુલ્હન કી ઈસમેં હે ક્યા ખૂબ ખુશ-ઈકબાલી.
મૌલા કી દોઆ સે તુમ્હેં યે દિન હુવા નસીબ,
રહેમત નબી કી ઔર અલી કી હે મહેરબાની.
ક્યા ખુશનુમા ફિઝા હે મહેકતા હે કુલ મકાન,
મહેકે તુમ્હારી ખિદમતો ઉલ્ફત સે ઝિંદગાની.
કૈસા થા અકદ ફાતેમા હૈદર કા પૂછીએ,
તૂબા કે નીચે અકદ થા જન્નત કી થી નિશાની.
હોતી હે વાલેદૈન કી બસ એક હી તમન્ના,
બચ્ચોં કી જલ્દી દેખ લે વો પુરબહાર શાદી.
દિલચસ્પ એક કિતાબ નઈ લાતી હે શાદી,
હે ખુશનસીબ જિસને કી ઉસકી બડી પઢાઈ.
સૂરજ યે ઝિંદગી કા લાતા હે ધૂપ-છાઁવ,
તુમ સાથ રહેના હર દમ શાદી યહીં સિખાતી.
કૈસી હુઈ થી શાદી ઉસ દશ્તે કરબલા મેં,
ઉસકે હી ફઝલ સે યે શાદી હે તુમને પાઈ.
કિતના હે દિન મુબારક મૌલા કે કદમ આએ,
મૌલાને હે ઈસ ઘર કી ઈઝ્ઝત બહુત બઢાઈ.
જન્નત મેં હો ગયા વો દાખિલ બિલા હિસાબ,
ખિદમત કી શમ્અ જિસને સીરત મેં હે જલાઈ.
તાકત તેરે અશઆર કી તબ તક હે અય અન્વર,
જબ તક કે ઉસ મેં ઉલ્ફતે શેહ કી હે રોશનાઈ. ✯

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.